# ભારતરત્ન આંબેડકરજીને ભાવાંજલિ

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે તા. ૦૬/૧૨/૨૦૧૭ ના રોજ યુનિવર્સિટીના પરિસરમાં ગૌતમ સભાગૃહ મુકામે ભારતરત્ન ડૉ.બાબાસાહેબ આંબેડકરજીને ભાવાંજલિ આપવાનો કાર્યક્રમનું આયોજન એક્ષટેન્શન એક્ટીવીટી દ્વારા કરવામાં આવ્યું હતું.કાર્યક્રમના પ્રારંભે પરિસરમાં આવેલ ડૉ.બાબાસાહેબ આંબેડકરજીની પ્રતિભા સમક્ષ સર્વ મહાનુભાવો તથા યુનિવર્સિટીના પરિસરના સદસ્યોએ પુષ્પાજંલિ અર્પણ કરી.



માનનીય કુલપતિશ્રી ડૉ. પંકજભાઈ એલ. જાની સાહેબની અધ્યક્ષતામાં યોજાયેલ આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ વકતા તરીકે જાણીતા સામાજિક અગ્રણી તથા યુનિવર્સિટીના BOM ના સભ્યશ્રી માનનીય પ્રજ્ઞેશભાઈ વાઘેલાની પ્રેરક ઉપસ્થિતિ હતી.

માનનીય કુલપતિશ્રીએ પોતાના અંજલિ વકતવ્યમાં આંબેડકરજીની વિદ્યાયાત્રાના અનેકવિધ સંઘર્ષપૂર્ણ પડાવોની અસરકારક રજૂઆત કરી. આજના સંદર્ભમાં નવ પેઢીને આંબેડકરજીના જીવન સંઘર્ષ અને વિકાસમાંથી પ્રેરણા લઈ આગળ વધવું જોઈએ. તેવાં પ્રેરક ઉદ્‌બોધનમાંથી શૈક્ષણિક ચર્ચામાં જોઈએ તો ઔચિત્યપૂર્ણ ભાવાંજલિ પ્રસ્તુત થઈ.



મુખ્ય અતિથિ વક્તા શ્રી પ્રજ્ઞેશભાઈ વાઘેલાએ અંજલિ આપવાની સાથે સામાજીક સમરસતા, વંચિતો માટેની વેદના તથા બાબાસાહેબના અવિચળ આત્મબળની નોંધપાત્ર વાતોથી શ્રોતાઓને પ્રભાવિત કર્યો. યુનિવર્સિટી વતી કાર્યકારી કુલસચિવશ્રી ડૉ. પ્રો. અમીબેન ઉપાધ્યાય ભાવાંજલિ કાર્યક્રમની સાર્થકતા માટે સંતોષની લાગણી વ્યક્ત કરીને મુખ્ય વક્તાશ્રી તથા માનનીય કુલપતિશ્રીનો અને ઉપસ્થિતિ સર્વનો હાર્દિક આભાર માન્યો.